





પક્ષમાં છે ફૂટ, નથી જીતવાની ગતાગમ!
ટાંટીયા ખેંચમાં સ્વ-પ્રચારની બૂમાબૂમ!
છમાછમથી લેવાય ગરબા માંડવા વિના -
ભેંસ ભાગોળે નથી તે ભાજપમાં ધમાધમ!
(- હવે સુષમા સ્વરાજ કુદ્યાં -)

મોદી મેળાની,
મિઠાઇ પર બેઠી -
કોંગી ની માખી..
(અટકાયતો નો સિલસિલો)

ડો. કુરિયન,
શ્વેત ક્રાંતિ પ્રણેતા
ગયા ગોલોક!
(મોક્ષ પ્રાપ્તિ)




## ચિંતન

**યદા વિગૃહાતિ હતં તદા યશઃ, કરોતિ મૈત્રીમથ દુષિતા ગુણાઃ ।**
**સ્થિતિ સમીક્ષ્યો ભયથા પરીક્ષકઃ, કરોત્યવજ્ઞો મહતં પૃથગ્જનમ્ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય 'સામાન્ય નીતિ' નો આ શ્લોક વિચારવંત માણસે મૂર્ખ - માણસની સામે કેમ વર્તવું તેનું માર્ગદર્શન આપે છે :

'વિચારશીલ અને બુધ્ધિમાન માણસ, મૂર્ખ માણસ સાથે જો ઝગડો કરે તો એમાં પોતાનાં જ યશનો નાશ થાય છે, અને જો મૂર્ખ સાથે મૈત્રી કરે તો પણ પોતાના ગુણોને જ દુષિત કરે છે. એટલે બંને બાજુ (ઝગડો કે મૈત્રી)ની સ્થિતિમાં ડાહ્યા-સમજુ માણસે - મૂર્ખ માણસની ઉપેક્ષા જ કરવી જોઇએ અર્થાત તેનાથી અંતર રાખીને રહેવું.'

જે બુધ્ધિમાન અને સમજુ છે એ નીચ પ્રકારના દુષ્ટ-અજ્ઞાની-મૂર્ખ સાથે ઝગડો કરે ત્યારે સમજુ લોકો મૂર્ખના દોષ જોવાને બદલે જ્ઞાનીને જ ઠપકો આપે છે. એ તો મૂર્ખ છે તમે આવા સમજુ થઇ એની સામે, એના જેવા કેમ થયા? આમ સારા માણસના યશનો જ નાશ થાય છે.

જો મૂર્ખ સાથે મૈત્રી રાખે તો એના વિચાર અને વર્તનની અસર સારા માણસના વિચાર અને વર્તન પર પડે છે. આથી બુધ્ધિમાન લોકોએ મૂર્ખ માણસથી દૂર જ રહેવું, તેનાથી સંબંધ બગાડવા પણ નહીં અને મૈત્રી પણ કરવી નહીં.

## સુવિચાર

- દુષ્ટ માણસ કદાપિ નમ્ર-વિવેકી ન હોઇ શકે - **હોમર**
- કાયર, આળશું માણસ પોતાના મૃત્યુ પહેલાં અનેકવાર મરે છે - **શેક્સપિયર**
- જે સંત પુરૂષો-મહાન વ્યક્તિઓની નિંદા કરે છે એ જ નહીં, પણ જે એ સાંભળે છે તે પણ પાપમાં ભાગીદાર બને છે - **કાલિદાર**
- વ્યસન બે ધારી તલવાર જેવું છે એક તરફથી તમારા આરોગ્યને અને બીજી ધારથી તમારા મનોબળને પણ કાપે છે - **સ્વામી સચ્ચિદાનંદ**
- સૌંદર્યની શોભા શીલથી છે, શીલની શોભા સંયમથી - **ન્હાનાલાલ**
- ધીરજ કડવી છે પણ તેના ફળ મીઠાં છે - **રૂસેર**
- જીવનમાં જો કોઇ મોટામાં મોટો દોષ હોય તો તે 'નિર્બળતા' છે - **પ્રેમચંદજી**

## બોધ કથા

શિક્ષકો-અધ્યાપકો-વ્યાખ્યાતા વગેરે નોકરીની શરૂઆતમાં પોતાના વિષયની અભ્યાસ, કરેલી નોટો તૈયાર કરે અથવા એ પણ જૂના અનુભવી પાસેથી મેળવી લે પછી વર્ષો સુધી એ જ ચાલે નવું વાંચન કે નવી વિચારણાને તેમાં અવકાશ જ નથી હોતો એટલે તો સરકારી 'રિફ્રેસર' તાલીમ અભ્યાસક્રમો શરૂ કરવા પડે છે. શિક્ષકે પોતાના વિષયમાં 'અપ-ટુ-ડેટ' તાજા રહેવું જોઇએ.

ડો. વિશ્વસરૈયા ઇજનેરી વિજ્ઞાનના મોટા તજજ્ઞ હતા. દક્ષિણ ભારતના વિશાળ ડેમનું બાંધકામ એ જમાનામાં એમનાં દ્વારા તૈયાર થયું.

એક વખત, એક નાના શહેરમાં કોઇક સામાજિક પ્રસંગે તેમને જવાનું થયું. એ ગામમાં એક નાની કોલેજ હતી. (ઇન્જીન્યરીંગ) તેના પ્રિન્સીપાલને ખબર પડી ડો. વિશ્વસરૈયા ગામમાં આવ્યા છે એટલે તેમને મળવા ગયા અને કોલેજના ઇજનેરી વિદ્યાર્થીઓને એક નાનું વ્યાખ્યાન આપવા વિનંતી કરી.

ડો. વિશ્વસરૈયાએ કહ્યું, 'કોઇ પણ વિષયમાં હું પૂર્વ તૈયારી વિના વ્યાખ્યાન આપતો નથી.'

- પણ પ્રિન્સીપાલના અતિ આગ્રહને કારણે સ્વીકાર્યું. નાનું વ્યાખ્યાન આપ્યું અને પ્રશ્નોત્તરીમાં વિદ્યાર્થીઓની ઉત્કંઠા બાબત પણ જાણી લીધું.

એક મહિના પછી પૂર્વ તૈયારી કરી સામેથી જાતે એ કોલેજમાં પહોંચી ગયા અને પ્રિન્સીપાલને કહ્યું કે વિદ્યાર્થીઓએ મને પૂછેલાં પ્રશ્નોનાં સંદર્ભમાં આજે મારે વિગતવાર વ્યાખ્યાન આપવું છે.'

શિક્ષણ અને પ્રવચનનો આદર્શ આને કહેવાય.

# યુવાનોમાં હંમેશા આદર્શ અને પ્રિય રહેલાં સ્વામી વિવેકાનંદે તેમનાં શિષ્યો, મિત્રો, યુવાનોને સંબોધીને અસંખ્ય પત્રો લખ્યા છે જે વાંચો તો આજના યુગમાં પણ એટલાં જ યથાર્થ અને સાર્થક લાગે છે

## તમે છેલ્લે ક્યારે પત્ર લખ્યો હતો? પત્રો, પત્રો અને પત્રો... જ

- જગદીશ પી. મેવા

આજના કૉમ્પ્યુટરના જમાનામાં પત્ર લખવાનું તો હવે લગભગ ભૂલાઈ જ ગયું હોય તેમ લાગે છે? આ યુગમાં શું લોકો પાસે ટાઈમ નથી, લખવાનો કે પછી વાંચવાનો? આજે તો પત્રની જગ્યા ફેક્સ મશીન, ઈ-મેઈલ કે એસ.એમ.એસ. લઈ લીધી હોય તેવું લાગે છે!! બાકી પહેલાં એક બીજાને મળવાનું બિલકુલ સરળ માધ્યમ માત્રને માત્ર (કાગળ) પત્ર જ હતો!!

પત્રની વાત આવી એટલે એક એવો યુગ હતો કે પિતાનો પુત્ર બહાર ભણવા જતા શિખામણ આપતો પત્ર હોય કે પછી વિદેશોમાં કે વતનથી દૂર રહેતા દીકરાની વ્યથાનો પત્ર કે ખુશીનો પત્ર સર્વે સાથે મળીને વાંચતા એક અનેરો આનંદ મળવતા!! તો, પછી એક પ્રેમીને પ્રેમસભર વિવિધ શાયરોની શાયરી લખેલો પ્રેમ પત્ર લખાયો હોય તે વારંવાર વાંચવાનો પણ અનેરો આનંદ તે દિવસોમાં આવા પ્રેમપત્રોમાંથી મળતો!! આમ પત્રની અજીબ દુનિયા છે, આજે પણ પોતાની સ્મૃતિઓ લોકોએ આવા પત્ર દ્વારા સાચવીને રાખેલા અનેક દાખલાઓ જોવા મળે છે!!

પત્ર લખવાનો એક યુગ હતો એવું આજે લાગે છે. તમને યાદ હશે કે અબ્રાહમ લિંકને પોતાના પુત્રને શાળામાં દાખલ કર્યો બાદ તેના શિક્ષકને લખેલો યાદગાર પત્ર હોયકે પછી પંડિત જવાહરલાલ નહેરૂએ પોતાની દીકરી ઈન્દિરાને જે દસ વર્ષની (૧૦ વર્ષની) હતી ત્યારે તેમણે અલ્હાબાદથી પત્રો લખ્યા હતા. તો આપણા દેશના ક્રાંતિકારી શહીદો ચંદ્રશેખર આઝાદ, નાના સાહેબ, અશફાક ઉલ્લાહખાં, સુખદેવે પણ લાહોરની બોર્સ્ટલ જેલમાંથી પત્રો લખ્યા છે જે વાંચવા જેવા છે. જેમાં દેશની આઝાદીની ખમીરભરી વાતો અને દેશદાઝ માટે કુરબાન થવાની અનેક ક્રાંતિકારી વાતો વાંચવા અને જાણવા મળશે!! અરે, આપણા વીર શહીદ ભગતસિંહએ તો જેલમાંથી અનેક લોકોને પત્રો લખ્યા છે જે એક એક પત્રો વાંચો તો તેમાં ક્રાંતિકારી, શૂરવીરતા અને આઝાદી માટેનું ઝનૂન અને દેશ માટે કુરબાન થવાની વાતો વાંચવા મળશે. તો, યુવાનોમાં હંમેશા આદર્શ અને પ્રિય રહેલાં સ્વામી વિવેકાનંદે તેમનાં શિષ્યો, મિત્રો, યુવાનોને સંબોધીને અસંખ્ય પત્રો લખ્યા છે જે વાંચો તો આજના યુગમાં પણ એટલાં જ યથાર્થ અને સાર્થક લાગે છે. તો, બહાદુરશાહ જફરે પોતાની દીકરી કુલસુમને સંબોધીને રંગૂનની જેલમાંથી (કેદખાના) લખાવેલા પત્રો વાંચો તો તેમાં તેનાં હૃદયની વ્યથા, પીડા, દુઃખ જરૂર જોવા મળશે!! તેમને રંગૂન કેદખાનામાંથી લખાવેલા પત્રોનાં અંતમાં લખાયેલું કે તારા બંદી પિતાએ લકવાયું. આવા અનેક પત્રો કાળજું કંપાવી દે તેવા લખાવાયા છે. જે તમો વાંચો તો આજે પણ તમારું હૃદય ધ્રુજી ઉઠે તેવા છે!! તો સ્વ. કવિયત્રી અમૃતા પ્રીતમે ઈમરોઝને લખેલા પત્રો પણ વાંચવા તમને ગમશે!! અરે, આપણા હિન્દી સિનેમા જગતની એકથી એક કલાસિક ફિલ્મો આપનાર સર્જક અભિનેતા ગુરૂદત્તે તેમની પહેલી પ્રેમિકા અને પછી પત્ની બનેલ ગીતાદત્તને લખેલા પત્રો જેનું નસરીન મુનીર કબીર નામની લેખિકાએ પુસ્તકારે પ્રગટ કરેલ છે. જેમાં બંને વચ્ચેનાં સંબંધો વિશે વાંચવા જેવા મળશે!! તો, આપણાં બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરે લખેલા પત્રોનું તો મહારાષ્ટ્ર સરકારે પુસ્તક પ્રગટ કર્યુંછે, તો આપણી ગુજરાત સરકારે પણ તેમની જન્મશતાબ્દીની ઉજવણી (ઈ.સ. ૧૯૯૨માં) થઈ ત્યારે ''હું છું સસ્નેહ ભીમરાવ'' નામે મૂળ પત્રોનું ગુજરાતીમાં સંપાદન એમ. કે. પરમારે કરેલ છે. તેઓ જયારે વિદેશમાં વધુ અભ્યાસ માટે ગયા હતા ત્યારે તેમના અને તેમની પત્ની વચ્ચે લખેલા પત્રોમાં તેઓ વિદેશમાં રાતોની રાતો જાગીને બ્રેડ - પાણી સાથે ખાઈને પસાર કરેલા દિવસોની વાતો તેમના પત્રોમાં વાંચીએ તો આજે પણ આપણા શરીરના રૂંવાડા ઉભા થઈ જાય છે!! તો ગાંધીજીએ જેમને રાષ્ટ્રીય શાયરનું બિરૂદ આપ્યું છે તેવા ઝવેરચંદ મેઘાણીએ તો તેમના મિત્રો, પુત્ર, પુત્રીને બધા જ લોકોને પત્રો લખ્યા છે. જે તેમના પુત્ર મહેન્દ્ર મેઘાણીએ આ પત્રનો સંગ્રહ ''લિ. છું આવું છું.'' નામે પત્રો સંકલિત કર્યા જે એક એક પત્ર વાંચવા જેવા છે.

આજે ભલે પત્ર લખવાનું (કદાચ) બંધ થઈ ગયું હોય કે પછી ખૂબ જ ઓછા લખતા હશે પણ પત્રોનું હંમેશાં મહત્ત્વ જરા પણ ઓછું થયું નથી. પત્રો, આપણને જીવનમાં હૂંફ અને મધુરતા આપે છે તો તેના થકી પ્રેરણા પણ મળે છે. વરસો અગાઉ ટેલીવિઝનમાં આવતો રેણુકાં સહાણે અને સિધ્ધાર્થ કાકનો ''સુરભિ'' કાર્યક્રમમાં તો તેમનાં ચાહકો, પ્રસંશકોએ હજારોની સંખ્યામાં અઠવાડિયાના એકથી ત્રણ લાખ જેટલા પોસ્ટકાર્ડ પત્રો લોકો લખતા તેમ તેમનાં સંચાલકો કાર્યક્રમમાં જણાતા અને તે પત્રોના થેલા કોથળા ભરી ભરીને ઉપાડીને લઈ જતા કાર્યક્રમમાં દર્શકોને અનેક વખત દર્શાવતા આ સિરિયલમાં જોનાર સર્વેને જરૂર યાદ હશે જ!! પત્રોની જ વાત કરીએ છીએ તો પત્ર તો સામાન્ય માનવીથી માંડીને મહાનુભાવ સુધી સર્વે એ પોતાના જીવનમાં પત્રો લખ્યા જ છે અને તે પત્રો તેમના જીવન માટે અતિ મહત્ત્વના અને યાદગાર બની રહ્યાં છે સૌને મન પોતાની રીતે પત્રોનું મહત્ત્વ તેમની જિંદગીમાં યાદગાર રહ્યું છે. આમ પત્રોનું મૂલ્ય ઘટ્યું નથી!! આપણા લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલ પણ તેમના જીવનમાં અનેક પત્રો લખ્યા છે. તેઓ પત્ર પૂર્ણ થયા બાદ પોતાના હસ્તાક્ષર પછી વંદે માતરમ્ અવશ્ય લખતા!! પત્રોની જ વાત કરીએ છીએ. આપણા મહાત્મા ગાંધીજીની વાત ન કરીએ તો અસ્થાને ગણાય. તેમણે સફાઈ કામદારથી માંડીને હિટલર સુધી લોકોને પત્રો લખ્યા છે અને ખાસ કરીને પોસ્ટકાર્ડ પત્રો વધારે. તેમને વર્ધાથી ૨૪મી ડિસેમ્બર, ઈ.સ. ૧૯૦૦માં હિટલરને પત્ર લખ્યો હતો. જેનાં સંબોધન પ્રિય મિત્ર તરીકે લખ્યું હતું અને પત્ર પૂર્ણ થતા હૃદયથી આપનો મિત્ર એમ. કે. ગાંધી લખ્યું હતું. પરંતુ આ પત્ર ત્યાંની સરકારે જપ્ત કરી લીધો હતો. મહાત્મા ગાંધીજીનાં હજારોની સંખ્યામાં લખેલા પત્રો ગુજરાત રાજયમાં અમદાવાદમાં ગાંધી આશ્રમમાં આજે પણ સંગ્રહાલયોમાં સચવાયેલાં છે. જે ઓરિજિનલ પત્રોને હવે ડિઝીટલાઈઝેશન કરી રહ્યાં છે.

પત્રોનો એક એવો જમાનો હતો કે લોકો પોતાના પ્રિય દૈનિક કે સામયિકના તંત્રીઓને પત્રો લખતા. આવા અનેક વાચકો - ચાહકોના પત્રો તંત્રીને મળતા. લોકપ્રિય તંત્રી કૉલમિસ્ટ ખુશવંતસિંહને આજે પણ તેમનાં ચાહકોના રોજના ત્રીસથી પણ વધારે પત્રો મળે છે!! તેઓ જયારે ધ ઈલાસ્ટ્રેઈડ વીકલીના એડિટર હતા ત્યારે એક વાંચકે ગુસ્સામાં ''ખુશવંતસિંહ બાસ્ટર્ડ ઈન્ડિયા'' લખીને ગાળો ભાંડતો પત્ર લખ્યો હતો. કહેવાય છે કે, આ ભડવીરે પોતાના તંત્રી પદે નીચેના સામયિકમાં વાચકોના પત્રોમાં પ્રસિધ્ધ કર્યો હતો? તો આવા આપણા લોકપ્રિય સાહિત્યકાર, વિવેચક, કવિ, રાધેશ્યામ શર્મા તો આજના યુગમાં પણ મોબાઈલ નથી રાખતા તેઓ સર્વે મિત્રો - સાહિત્યકારો - સંબંધીઓને પત્રો જ લખે છે અને તેમાં પણ ખાસ કરીને પોસ્ટકાર્ડ પત્રો લખવા તેમને વધારે પસંદ છે. આ યુગમાં પણ તેમનાં લખેલાં પોસ્ટકાર્ડ પત્ર કે પત્રો અસંખ્ય સાહિત્યકારોએ ચાહકોએ પોતાની પાસે જીવની જેમ સાચવી રાખ્યા છે!! જે તેમના પ્રત્યેનો કેટલો બધો પ્રેમ અને આદર લોકોમાં છે તે બતાવે છે. આપણા સ્વ. વડાપ્રધાન મોરારજી દેસાઈ અને જયોર્જ ફર્નાન્ડિઝ પણ પોસ્ટ પત્ર લખવાનો આગ્રહ રાખતા અને પોસ્ટકાર્ડ કે આંતરદેશીય પત્રો લખતા.

હમણાં જ આપણાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી જેઓ ગાંધીનગરમાં આવેલ ટાઉનહૉલ ખાતેથી ૫મી સપ્ટેમ્બર, ૨૦૧૨ ના શિક્ષક દિવસે સેટેલાઈટ દ્વારા ઑનલાઈન વિદ્યાર્થીઓ સાથેની પ્રશ્નોત્તરી વાર્તાલાપમાં રાજકોટની વિરાણી શાળાની વિદ્યાર્થીની કુ. ધારાનિધિએ ઓનલાઈન પ્રશ્નોત્તરીમાં એક પ્રશ્ન પૂછ્યો કે, આપને શિક્ષણ બાબતે પત્ર લખીને તો જવાબ આપ આપશો? તેનો જવાબ આપતાં મુખ્યમંત્રીએ કહ્યું કે, હું કદાચ બધા જ પત્રો વાંચી શકતો નથી. પણ એવો દાવો કરી શકું છું કે, હું વધુમાં વધુ પત્રો વાંચુ છે. મારા નામે આવેલ ટપાલ મારો ડિપાર્ટમેન્ટ (વિભાગ) મને આપે છે જે રોજ હું માત્ર મારા ઘરે નાગરિકોના પત્રો ૩૦૦ થી ૪૦૦ આવે છે અનેતે જ લઈ જાઉં છું કારણ કે, બધુ જ કામ ઓફિસમાં જ પૂર્ણ કરું છું. આથી માત્ર નાગરિકોના પત્રોની જ ફાઈલ મારા ઘરે લઈ જાઉં છું. તે હું વાંચી ન લઉં ત્યાં સુધી હું સૂઈ જતો નથી. અને આ કાર્ય હું છેલ્લા અગિયાર વર્ષથી કરી રહ્યો છું. મારા ઘરે હું કોઈ સરકારી ફાઈલ લઈ જતો નથી. માત્ર નાગરિકોના પત્રોની જ ફાઈલ લઈ જાઉં છું. તેમના પત્રો વાંચીને રાત્રે મને યોગ્ય લાગે તો હું તેમને રાત્રે અગિયાર વાગે કે મોડી રાત્રે ફોન કરૂં કે પછી વહેલી સવારે ફોન કરું તો પહેલા કોઈ મારો ફોન છે તે માનવા તૈયાર ન થાય, આશ્ચર્ય પામે કે મુખ્યમંત્રીશ્રીનો તો ફોન આપણી ઉપર હોય જ નહીં, પછી હું તેમને અહેસાસ કરાવું કે તમારો પત્ર આવ્યો હતો તે મેં વાંચ્યો તેથી તમને ફોન કર્યો અને તેમના પત્ર વિશે હું ફોન પર વાતચીત કરુ છું. આમ પત્રો વાંચીને જ રોજ રાત્રે સૂઈ જવાને કારણે ઘણીવાર મારા અધિકારીઓને પણ આશ્ચર્ય થાય છે કે આ માહિતી અમારા પહેલાં સાહેબને કેવી રીતે ખબર પડી? આનાથી વહીવટીતંત્રમાં પણ ચેતના આવી છે. તો, તમારી વિરાણી સ્કૂલ (રાજકોટ)ના વિદ્યાર્થીઓ લખશે તો હું જરૂરથી વાંચીશ અને જવાબ પણ આપીશ...

વાત પત્રોની જ કરીએ તો પંડિત જવાહરલાલ નહેરૂએ ભારતનાં ગર્વનર જનરલની પત્ની એડવિનાને પણ પત્રો લખ્યા હતા!! તો, અબ્રાહ્મ લિંકને તેમની પ્રેમિકા મેરી ઓવસનને પ્રેમપત્રો લખ્યા હતા, તો ટોલ્સટોયે પણ પ્રેમ પત્રો લખ્યા હતા, તો રાણી વિકટોરિયાએ પણ તેના ભાવિ પતિ કુમાર આલ્બર્ટને પ્રેમ પત્રો લખેલાં!! અરે, આપને આશ્ચર્ય થશે નેપોલિયન બોનાપાર્ટ યુધ્ધને મોરચેથી પોતાની પ્રેમિકા જોસેફાઈનને રોજ એક પ્રેમ પત્ર લખતો હતો!! પ્રેમ પત્ર પર ગીતકાર હસરત જયપુરીએ લખેક ગીત, એ મેરા પ્રેમ પત્ર પઢકર તુમ નારાજ મત હોના કે તુમ મેરી જિંદગી હો... નો ગીતકાર શૈલેન્દ્રએ લખેલ યાદગાર ગીત ચિઠ્ઠીયાં હો તો હર કોઈ બાંટે, બાંટે ન કોઈ પ્યાર સજનવા બૈરી હો ગઈ હમાર... તો, ગીતકાર સાહિર લુધિયાનવીએ પત્ર વિશે લખ્યું છે કે રો... રો... કે... તુમ્હે ખત લિખતી હૂં, ઔર ખુદ પઢકર રો લેતી હું... તો શાયરે લખ્યું છે કે, ફુલ તુમ્હે ભેજા હૈ ખત મેં ફુલ નહિ મેરા દિલ હૈ...

# નાટ્ય ઉપરાંતની અન્ય પ્રવૃત્તિઓ જેવી કે, ગીત - ગઝલ - કાવ્ય - લેખન તેમજ જાહેર ખબર, ટેલીફિલ્મ, પ્રચાર ફિલ્મ, કોર્પોરેટ ફિલ્મ, ડોક્યુમેન્ટ્રી ફિલ્મ આલ્બમ્સ, સંગીત રૂપકનું પણ લેખન - દિગ્દર્શન કર્યું છે

## મોંઘેરા મોતી

- નટવર આહલપરા



**સ્વબળે ઉભરેલાં નાટ્ય અભિનેતા દિગ્દર્શક શ્રી હિતેશ સિનરોજા**

હિતેશ નરસીભાઇ સિનરોજાનો જનમ તા.૪-૯-૧૯૬૪ ના રોજ થયો. અભ્યાસ ધોરણ-૬ સુધીનો રહ્યો છે. વાગ્મી થિયેટર્સ - રાજકોટ સંસ્થાના તેઓ સૂત્રધાર છે. સિલાઇ કામનો વ્યવસાય કરતા શ્રી સિનરોજાને નાટ્ય નિર્માણ, અભિનય, દિગ્દર્શન, નાટ્ય પ્રવૃત્તિ, સાહિત્ય, વાંચન, લેખન, ગીત, ગઝલ, કવિતા, સંગીત, ચિત્રકામ અને સજાવટમાં ભારે શોખ છે.

નાટ્યક્ષેત્રે છેલ્લા બે દાયકાથી નાટ્ય નિર્માણના વિવિધ પાસાઓ જેવા કે - લેખન, દિગ્દર્શન, અભિનય, સંગીત, સંચાલન, પ્રકાશ આયોજન, સેટ ડિઝાઇન, વેશભૂષા, બેક સ્ટેજ કામગીરી કુશળતાપૂર્વક નિભાવતા શ્રી હિતે સિનેરોજા આકાશવાણી, દૂરદર્શન, પ્રાઇવેટ ચેનલ, BBC - mancheter ચેનલ, Slovenia TV વાસ્મો શૈક્ષણિક - સામાજિક - ધાર્મિક અને સેવાકીય સંસ્થાઓ તેમજ ગુજરાત રાજયની NGO સંસ્થાઓ જનજાગૃતિ વિષયક નાટ્ક, સંગીત રૂપક, ભવાઇ, દસ્તાવેજી ફિલ્મ, ટેલિફિલ્મ, સ્ટ્રીટ પ્લે જેવા અનેક વિધ કાર્યક્રમો કર્યા છે. તેઓ પોતાની સંસ્થા ઉપરાંત રાજકોટની નાટ્ય સંસ્થાઓ તેમજ સાહિત્યિક વર્તુળો અને સામાજિક ક્ષેત્રે કાર્ય કરતી સંસ્થાઓ સાથે પણ સંકળાયેલા છે.

નાટ્ય ઉપરાંતની અન્ય પ્રવૃત્તિઓ જેવી કે, ગીત - ગઝલ - કાવ્ય - લેખન તેમજ જાહેર ખબર, ટેલીફિલ્મ, પ્રચાર ફિલ્મ, કોર્પોરેટ ફિલ્મ, ડોક્યુમેન્ટ્રરી ફિલ્મ આલ્બમ્સ, સંગીત રૂપકનું પણ લેખન - દિગ્દર્શન કર્યું છે.

આજ સુધીમાં જનજાગૃતિ (એઇડ્સ, ભ્રૂણ હત્યા, પર્યાવરણ, પાણી અને વીજળી બચાવો, સજીવ ખેતી, સ્વચ્છતા, શિક્ષણ, પાણી વ્યવસ્થા) નાટકોના ગુજરાતના અસંખ્ય ગામોમાં અનેક શો કર્યા છે.

શ્રી સિનેરોજાની અન્ય વિશેષ પ્રવૃત્તિઓમાં ગુજરાતની ઘણી NGO સામાજિક સેવાકીય સંસ્થાઓ સાથે જોડાયેલા છે અને સાંસ્કૃતિક કાર્યક્રમો, સંમેલનો, વિચાર ગોષ્ઠી, પર્યાવરણ બચાવ, વૃક્ષારોપણ, અંધશ્રધ્ધા નાબુદી, જન જાગૃતિ, ખેડૂત સંમેલનો, પ્રચાર યાત્રા, એઇડ્સ જાગૃતિ, બેટી બચાવો જેવા કાર્યક્રમોમાં રસપૂર્વક ભાગ લીધો છે. તેમજ વિદેશમાં વસતાં ગુજરાતી પરિવારો દ્વારા પણ તેમણે લખેલાં નાટકો સફળતાપૂર્વક ભજવાયા છે.

'જીવન સંધ્યા' નામનું તેનું નાટક એક રેકોર્ડ ધરાવે છે. જેના ૩૦ થી ૪૦ શો થયેલાં છે. કલાકારો બદલાતા રહે એવો રેકોર્ડ તેમના આ નાટકોનો છે. બે પેઢી વચ્ચેના અંતરની વાત ખૂબ હળવાશથી રજૂ કરતું આ નાટક ખૂબ લોકચાહના પામેલ છે. રાજકોટમાં અંદાજે એક ડઝન જેટલી નાટ્ય સંસ્થાઓ કાર્યરત છે. તેમ છતાં કેમ નાટકો ભજવાતા નથી અને કલાકારો બહાર આવતા નથી?

આ પ્રશ્નના જવાબમાં હિતેશભાઇએ ખૂબ દુઃખ સાથે હળવાશથી જણાવેલ કે, અહીં ઓછી સંસ્થાઓ છે. ઓછાં વળતરના લીધે આ નાટ્ય ક્ષેત્રમાં આજનાં નવયુવાન - યુવતીઓ પ્રવેશ લેતા નથી. વ્યવસ્થાની દૃષ્ટિએ વિચારીએ તો શહેરમાં આવેલા હોલ અને તેના ભાડાં પણ નાટકો ન થવા પાછળનો એક કારણ હોઇ શકે. હિતેશભાઇ પહેલા એવા નાટ્યકાર હશે કે, જેમને કલાકારોને વળતર મેળવતા કર્યા હોય, અમદાવાદ અને બોમ્બેની સંસ્થાઓના નાટકો વધુ જોવાય છે. એનાં જવાબમાં હસતાં - હસતાં જણાવેલ કે, આપણા આ નાટક લોકોને જે દેખાડે છે, તે ફાઇનલ રિહર્સલ છે. સમજી ગયા ને... એક એકાંકી લખવા માટે એક સપ્તાહનો સમયઅને ત્રિઅંકી લખવું હોય તો એક મહિનો લાગે. ત્યારે એક સારું નાટક લખી શકાય. હિતેશભાઇના બીજા એક રેકોર્ડની વાત કરીએ તો રાજકોટના કલાકારોની બીબીસીમાં લઇ જવાનો જશ પણ તેમને જાય છે. તેમની પોતાની મુલાકાત પણ BBC માં પ્રસારિત થયેલી. મહાત્મા ગાંધીના જીવન અને તેમની ડોક્યુમેન્ટ્રરીના અંશોમાં તેમનો અભિનય જોવા મળેલ.

ખુદ્દારી, ખુમારીથી જીવતા આ એકલવીરે એકલે હાથે સંજોગો સામે બાથ ભીડી છે. આયોજકો ઘણીવાર હોલ, મંડપ, માઇક, લાઇટ વગેરેમાં હજારો રૂપિયા ખર્ચી નાખતા હોય છે. પણ આવી પ્રતિભાનું સન્માન કરી. તેને પ્રતીક, પુરસ્કાર આપવાનું વિચારતા સુધ્ધા નથી. "સાંબેલુ વગાડે તું જાણે" જેવી નીતિ ધરાવતા કલાવિહીન લોકો વચ્ચે નુકશાન વેઠી કોઇ અપેક્ષા વિના કેટલીય વાર તેઓએ કામ કર્યું છે. સલામ છે આ કલાકારને...


તેમનો મો. નં. છે : ૯૪૨૬૯૬૪૭૩૩

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

**૧૧મી સપ્ટેમ્બર**

- **વિનાયક નરહરિ ભાવે - વિનોબા ભાવે - ભૂદાન પ્રવૃત્તિના પ્રણેતાનો જન્મદિન. ૧-૯-૧૮૯૫.**



**ધર્મ-સેવા અને વિજ્ઞાનનાં સંસ્કાર નાનપણથી મળ્યા. ગીતા પ્રવચન - પુસ્તક પ્રગટ થયું. લક્ષ્મપુરામાં મહિલાઓ માટે મૈત્રી આશ્રમની સ્થાપના કરી. બહેનો સ્વાવલંબી બને, સામાજિક કુરિવાજો દૂર થાય તે માટે આજીવન પ્રયત્નો કર્યાં.**

- **૧૮૬૪ માં સુરત મિત્ર - પત્રનું 'ગુજરાત મિત્ર' નામકરણ થયું.**
- **જેમનું રાજય બ્રિટનને ખંડણી ન આપતું તે સચિનના નવાબ સીદી મોહંમદ હૈદર મોહંમદ યાકુત ખાનનો જન્મ ૧૯૦૯.**
- **૧૯૪૮ - પાકિસ્તાનના કાયદે આઝમ - જનાબ મોહંમદ અલી ઝીણાનું અવસાન.**
- **૧૯૭૨ - કામદારોના માતા -**



**મહાત્મા ગાંધીના સાથી અનસુયાબેન સારાભાઇનું અમદાવાદમાં અવસાન.**

- **૧૮૯૩ની ૧૧ની સાપ્ટેમ્બર સ્વામી વિવેકાનંદજીએ શિકાગો ધર્મ પરિષદમાં યાદગાર ભાષણ આપ્યું.**

# ઉચ્ચ આદર્શ અને મુક્ત વાતાવરણના માલિકોએ આપણને ગુંગળાઇ જઇએ તેવી પરિસ્થિતિમાં કેદ કરી દીધાં છે કે વિનંતી કરવી પડે છે, કે થોડી હવા અને ઉજાસ તો આપો!

## વિચાર યાત્રા

- જય ઓઝા

### સાવ જુઠ્ઠું શું કામ બોલો છો? કો'ક સાચી જબાન તો આપો?

મેલું ઘેલું મકાન તો આપો!
ધૂળ જેવું ય ધાન તો આપો!
સાવ જુઠ્ઠું શું કામ બોલો છો,
કો'ક સાચી જબાન તો આપો!
થોડો ઝાઝો હિસાબ તો આપો!
ખોટો સાચો જવાબ તો આપો!
બાગમાં ભાગ છે અમારો પણ
એક વાસી ગુલાબ તો આપો.
સુખના બે-ચાર શ્વાસ તો આપો
જિંદગાનીનો ભાસ તો આપો...
મુક્ત વાતાવરણના સ્વામીઓ
કૈ હવા કૈ ઉજાસ તો આપો!

**- અમૃત ઘાયલ**

આ કૃતિ ઘાયલ સાહેબે વર્ષો પહેલાં લખી છે, પણ જયારે વાંચીએ ત્યારે અને જે સમય - કાળમાં વાંચીએ તે સમયે ફીટ બેસતી લાગે છે... જાણે હમણાં જ કોલસા કૌભાંડને ધ્યાનમાં રાખીને લખાઇ ન હોય!

ભ્રષ્ટાચાર તો હવે શિષ્ટાચાર જ બની ગયો છે... કલમાડીઓ, રાજાઓના ટોળેટોળા આપણા દેશમાં છે, અને બેફામ ઉઘાડે છોગ લૂંટ ચલાવે છે... મોટા માથાઓ પાસેથી કરોડોની બેનામી સંપત્તિ મળી આવે છે. આપણા જેવા મિડલ કલાસીયાઓ પાસેથી પરસેવાની પાઇ ટેક્સ રૂપે લઇ લઇને નવા નવા તપાસપંચની પેઢીઓ ભરાય છે.

રોજ સમાચારો છપાયે રાખે છે... ૨૪ કલાક લાઇવ ન્યૂઝ ચેનલ બકવાસ ન્યૂઝ આઇટમની વચ્ચે વચ્ચે આવી ખબરો પણ ભૂલથી દેખાડી છે, પરંતુ જાણે કોઇ જ અસર નથી થતી. ALL IS WELL ના ગીત સાથે આપણને આલાગુટ્ટી પીવરાવી દેવામાં આવે છે.

આ બધું નવું નથી... દરેક સમયે વર્ષોથી આ બધું ચાલ્યા કરે છે... અને ભૂલાયા કરે છે.

એક બાજું કાળા નાણાં શોધવાની વાતોના જાળા લાગેલા છે, તો બીજી તરફ આપણે કાળી મજુરી કરીને પગભર થવાના યત્નમાંથી ઊંચા આવતા નથી.

ઘાયલ સાહેબે જાણે આપણા કચડાતા, ભીંસાતા, અકળાતા આમ આદમીને આ કવિતા દ્વારા વાચા આપી છે.

ઘરનું ઘર આપવાનું... લેપટોપ આપવાનું... મોબાઇલ આપવાના - નોકરીઓ અપાવવાની... આવી તો અનેક લોભામણી લલચામણી વાતોના રવાડે ચડાવી - ચડાવીને ચૂંટણી આવતા સત્તાની હુ તુ તુ ચાલુ થઇ ગઇ છે...

ચાર ભીંત અને એક છત આશરા માટે મળી જાય એ પૂરતું છે, ઇટાલિયન માર્બલના મહેલોની માંગણી નથી. ધાન્ય સાવ હલકી કક્ષાનું હશે તો ચાલશે.. પહેલા વડોદરા અને પછી પાલનપુર સ્ટેશન પર લાખો ટન અનાજ વરસાદમાં વહી જાય છે, તેવું પણ ચાલશે પણ અનાજ તો આપો...

ઠાલા વચનો, ઠાલી શિખામણો અને સંકલ્પોની વણઝાર વચ્ચે કવિ પોકારી ઉઠે છે કે, કોઇ સાચી જબાન તો આપો!

હોઠો પે સચ્ચાઇ રહતી હૈ
જહાં દિલ મેં સફાઇ રહતી હૈ...

વાળા આદર્શો બાષ્પીભવન થઇ ગયા છે...

હવે જબાનની કોઇ કિંમત રહી નથી...

બરાડા પાડી પાડીને થાકી જઇએ છીએ તો પણ સાચો ખોટો જવાબ સાંભળવા મળતો નથી... આપણાં મૂંગા વડાપ્રધાન પાછા પોતાના મૌનને શાયરીઓ દ્વારા જસ્ટીફાય કરે છે... દેકારો મચાવવા છતાં બહેરા કાનમાં ફેર પડતો નથી...

થોડો કે ઝાઝો હિસાબ તો આપો... સાચો ખોટો પણ જવાબ આપો... આ તો જાણે આપણા અસ્તિત્વને જ નજર અંદાજ કરીને આપણા ન હોવા વિશેની માન્યતા સાથે જ દંભીઓ આગળ વધે છે...

જિંદગી એટલે માત્ર દુઃખ અને દુઃખ જ એવું કોણે કહ્યું? સુખના બે ચાર શ્વાસ મળે તો જિંદગી જીવી રહ્યા છીએ તેવો અહેસાસ પણ થાય... ઉચ્ચ આદર્શ અને મુક્ત વાતાવરણના માલિકોએ આપણને ગુંગળાઇ જઇએ તેવી પરિસ્થિતિમાં કેદ કરી દીધાં છે કે, વિનંતી કરવી પડે છે, કે થોડી હવા અને ઉજાસ તો આપો!

આપણે જાણે એક લાચાર - મૂગું પ્રાણી બની ગયા છીએ. આપણા જીવનમાંથી આશા અને મુક્તિનો સૂર જાણે પલાયન થઇ ગયો છે.

આપણા દેશમાં ભ્રષ્ટાચારની જે કાળી ટીલડી આપણા નેતાઓએ લગાડી છે, તે આવનારી પેઢીને વારસામાં મળવાની છે...

આજના બાળકોને સચ્ચાઇના અને પ્રામાણિકતાના પાઠ ભણાવવા તે નરી મૂર્ખતા કેહવાશે...

(અનુસંધાન પાના નં. ૬ પર)